ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)
બ્લોક નં.૪, બીજો માળ, ઉદ્યોગ ભવન,
ઘ–રોડ, સેક્ટર નં.૧૧, ગાંધીનગર–૩૮૨૦૧૭.
ફોન નંબર : ૨૩૨૫૦૬૩૪ થી ૩૭

## માનદ તબીબી સલાહકારની નિમણુંક કરવા બાબત

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) માં માનદ તબીબી સલાહકારની નિમણુંક કરવા સબબ અરજીઓ મંગાવવામાં આવે છે.

તબીબી સલાહકારશ્રીઓએ નિગમમાં ફરજ બજાવતાં કર્મચારીશ્રીઓ / અધિકારીશ્રીઓ દ્વારા અલગ અલગ તબીબીશ્રીઓ પાસે લીધેલ તબીબી સારવાર અંગે રજુ કરવામાં આવતા મેડીકલ બીલોની પરત ચુકવણી માટે તેમજ અમુક સંજોગોમાં તબીબી સારવાર અંગે થનાર અંદાજીત ખર્ચની એડવાન્સ રકમની માંગણી થયેથી નિગમનાં તબીબી સારવારનાં નિયમો / શરતો મુજબ બીલ મંજુર કરવા તેમજ બીજા રાજયમાં તબીબી સારવાર લેવા માટેની પુર્વ મંજુરી માટેની અરજીઓ ચકાસણીની કામગીરીનો સમાવેશ થાય છે.

ઉક્ત નિમણુંક સંપુર્ણપણે કરાર આધારિત છે. પસંદગી પામનાર તબીબ નક્કી કરેલ અપેક્ષિત માસિક વળતર સિવાય અન્ય કોઇ લાભો મેળવવા માટે હક્કદાર રહેશે નહીં.

ગાંધીનગર સ્થિત તેમજ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા / રસ ધરાવતાં તબીબ M.D./M.S. (Physician / Medicine) છે, તેઓશ્રીએ નીચે મુજબની વિગતો તેમજ અન્ય વિગતો સાથે સીલબંધ કવરમાં મેનેજર (મહેકમ), જીઆઇડીસી., ગાંધીનગરને ઉપરનાં સરનામે મોકલવાની રહેશે.

૧૦ વર્ષનાં અનુભવની વિગતો :–
અપેક્ષિત માસિક વળતર :–
સંપર્ક વિગતો :–
અન્ય વિગતો :–

સદર દરખાસ્તો જાહેરાત પ્રસિદ્ધ થયાનાં દસ દિવસ સુધીમાં ઉક્ત દર્શાવેલ કચેરીનાં સરનામે પહોંચાડવાની રહેશે. સમયમર્યાદા પુર્ણ થયા બાદ પછી પ્રાપ્ત થયેલ દરખાસ્તો / સીલબંધ કવર વધુ ચકાસણી માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

તા.૧૨.૧૧.૨૦૨૪
સ્થળ :– ગાંધીનગર

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઇ.ડી.સી. ગાંધીનગર